# જાન્યુઆરી મહિનાનો પરિચય

૧ જાન્યુઆરી, ૨૦૨૧

આત્મીય પાઠક,

નૂતન વર્ષાભિનંદન! નવવર્ષ ૨૦૨૧ની ખૂબ, ખૂબ, ખૂબ, શુભેચ્છાઓ એ દરેક સિદ્ધયોગીને જે અત્યારે આ પત્ર વાંચી રહ્યો છે અને એ બધાંને જેઓ સિદ્ધયોગ પથ પર નવા છે! જાન્યુઆરી મહિનામાં આપનું સ્વાગત.

પ્રત્યેક નવવર્ષનો દિવસ આશાથી છલકાતો હોય છે અને આપણા જીવન માટે નવી સંભાવનાઓની ભેટ લઈને આપણી તરફ આવે છે. સિદ્ધયોગ પથ પર આપણે આવા શક્તિપૂર્ણ આરંભનું સન્માન કરીએ છીએ અને તેના તરફ આપણું સંપૂર્ણ ધ્યાન કેંદ્રિત કરીએ છીએ.

આ નવું વર્ષ સમસ્ત માનવજાતિ માટે બીજા કોઈ પણ નવા વર્ષ જેવું નથી. ઘણાં લોકો વર્ષ ૨૦૨૦ ને અલવિદા કહેવાં અને વર્ષ ૨૦૨૧માં પ્રવેશ કરવાં માટે ઉત્સુક છે. તેઓ દિવસો ગણી રહ્યાં છે કે ક્યારે મુશ્કેલીભર્યા સમયનું આ પાનું પલટાશે અને આખરે, એ પલટાઈ જ ગયું. તોપણ વૈશ્વિક મહામારી હજી પણ વૈશ્વિક સ્તર પર સમસ્ત માનવજાતિને પ્રભાવિત કરી રહી છે અને અન્ય દુ:ખ તેમજ સમસ્યાઓ પણ સતત વધી રહી છે.

એટલા માટે, ભલે આપણી આસપાસના સંસારમાં ઉથલ-પાથલ થાય તોપણ સિદ્ધયોગી તરીકે આપણું કાર્ય છે કે આપણા ઉદ્દેશ્ય પ્રત્યે અધિક જાગરૂકતા બનાવી રાખવી અને સત્યમાં અવસ્થિત થવાના સંકલ્પ સાથે આપણી સાધના પ્રત્યે પુનઃ વચનબદ્ધ થવું.

જ્યારે સમયના એક નવા ભાગની શરૂઆત થાય છે ત્યારે તે આપણને આમંત્રિત કરે છે કે આપણે ભૂતકાળની પરે જઈએ, વર્તમાનમાં નિખાલસતાથી પ્રવેશ કરીએ અને ભવિષ્યનું આશાથી સ્વાગત કરીએ. આ દિવસે, જ્યારે આપણે પૂરીરીતે જાગરૂક છીએ, આપણી આંખો લલક અને આશાભર્યા ઉત્સાહના સમન્વયથી ભરેલી છે.

આજે સવારે, વર્ષના પ્રથમ સૂર્યોદયનું અંતરમાં સ્વાગત કર્યા પછી, હું ફ્લૉરિડામાં મારા ઘરની ઓસરીમાં ગઈ. પક્ષીઓના કલરવ સાથે અને નજીક આવેલા તાડનાં વૃક્ષો અને પ્રશાંત શેરવુડ સરોવરની લહેરોના અભિવાદન સાથે મેં બધાંની મંગલકામના માટે પ્રાર્થના કરી—બધાં લોકો માટે, ભૂમિ માટે, પશુપક્ષીઓ માટે અને પૃથ્વી માટે. સવારની તાજી હવામાં, ગુરુમાઈ ચિદ્વિલાસાનંદને મારા હૃદયમાં ધારણ કરીને, મેં મારી સમક્ષ રહેલા દૃશ્યની કેટલીક વિગતોને ધ્યાનથી જોઈ અને આ નવવર્ષ પર ઊઠતી ભાવનાઓ વિશે વિચાર કરવા લાગી.

ત્યાં ઊભા રહીને, મેં તમારાં બધાંનો વિચાર કર્યો કે તમે વિશ્વમાં જ્યાંપણ હોવ ત્યાં આ પત્ર વાંચી રહ્યાં હશો. તમારા ઘરની આસપાસનું વાતાવરણ કે સ્થાન જે પણ હોય, તમે જ્યાંપણ હોવ, આપણા બધાં માટે એક વાત સત્ય છે : આપણે આ નવવર્ષમાં પ્રવેશ કરી રહ્યાં છીએ ત્યારે ગુરુમાઈજીનો પ્રેમ અને કૃપા આપણી સાથે છે.

હું તમને જણાવવા માગું છું કે હું આ આશીર્વાદનો પ્રત્યક્ષરૂપે અનુભવ કેવી રીતે કરું છું. એક સંપાદક અને લેખક તરીકેના મારા કાર્યમાં, હું ગુરુમાઈજીની કૃપાનું આવાહન કરીને દરેક નવા પ્રોજેક્ટની શરૂઆત કરું છું. ઉદાહરણ તરીકે, આ પત્ર લખતી વખતે હું તમારા બધાં સાથે હોવાની કલ્પના કરી રહી છું. હું માનસચિત્રણ કરી રહી છું કે આપણે બધાં આ મહિનામાં પ્રવેશ કરી રહ્યાં છીએ, એ જાણીને કે દરેક વ્યક્તિ જે આ પત્ર વાંચશે તે પોતાની અનોખી રીતે ગુરુમાઈજીની કૃપાનો અનુભવ કરશે.

સિદ્ધયોગ પથ પર એક સાધક તરીકે જ્યારે આપણે આ નવવર્ષ ૨૦૨૧માં આગળ વધી રહ્યાં છીએ ત્યારે હું ઇચ્છું છું કે આ નવવર્ષ ઉજ્જવળ નવીન શુભારંભની સાથેસાથે નવી સમજથી ભરેલું હોય.

**મહોત્સવો અને તહેવારો**

અને હવે, ચાલો જાન્યુઆરી ૨૦૨૧માં આવતા કેટલાંક મહત્ત્વપૂર્ણ દિવસો તરફ દૃષ્ટિ કરીએ. આ દરેક પ્રસંગ આપણા માટે વર્તમાન ક્ષણમાં ફરી પ્રવેશ કરવાનો, દિવ્ય સદ્‌ગુણોને ઓળખવાનો અને તેનો અભ્યાસ કરવાનો સુઅવસર છે. જાન્યુઆરી મહિનાના ત્રણ ઉત્સવો આપણને નવીન આરંભના આ નૂતન દિવસોમાં આપણા આધ્યાત્મિક અભ્યાસો પર અને સિદ્ધયોગ પથના ઉદ્‌ગમ તેમજ શિખામણો પર કેન્દ્રિત થવા માટે અનોખા અવસરો પ્રદાન કરે છે.

- ૭ જાન્યુઆરીએ આશ્રમ દિનચર્યાના એક ભાગ રૂપે શ્રીગુરુગીતાના પાઠનો આરંભ કરવામાં આવ્યો હતો, તેની ઓગણપચાસમી જયંતી છે. ‘‘સિદ્ધયોગ પથ પર શ્રીગુરુગીતાનું માહાત્મ્ય’’ આ વ્યાખ્યામાં સ્વામી શાંતાનંદ આ પાવન પાઠની શક્તિ અને ઇતિહાસ વિશે વિસ્તારપૂર્વક જણાવે છે.
- ૧૪ જાન્યુઆરીએ આપણે મકર સંક્રાંતિનો ઉત્સવ મનાવીશું. ભારતીય પરંપરા અનુસાર, એ દિવસે સૂર્ય ઉત્તરાયણ એટલે કે ઉત્તર વૃત્તખંડ તરફ તેની છ મહિનાની યાત્રાનો આરંભ કરે છે અને ઉત્તર ગોળાર્ધમાં પ્રકાશ વધતો જાય છે. આ તહેવાર પર, આપણે સૂર્યદેવની આરાધના કરીએ છીએ જેઓ દરરોજ તેજસ્વિતાથી ઝગમગે છે અને સાથેસાથે આકાશમાં પોતાની પીંછીથી મનમોહક રંગ ફેલાવે છે.
- ૨૬મી જાન્યુઆરીએ ભારતનો ગણતંત્ર દિવસ મનાવવામાં આવે છે—એ દિવસ જ્યારે આ દેશમાં નવા સંવિધાનને અપનાવવામાં આવ્યું હતું અને લોકતંત્રની સ્થાપના થઈ હતી. આપણે ભારતની મહાનતાનો ઉત્સવ મનાવીએ છીએ, જેની ઉદારતા, સમૃદ્ધ પરંપરાઓ અને જ્ઞાનના ભંડારે વિશ્વને અને વિશેષ કરીને

સિદ્ધયોગ પથ પર આપણને ઘણું બધું આપ્યું છે. ગણતંત્ર દિવસ, એ મહાન મૂલ્યો અને ભાવનાઓનું સન્માન કરવાનો દિવસ છે જે આ દેશના ધ્વજ દ્વારા દર્શાવવામાં આવ્યાં છે.

ફરી એકવાર, મારી શુભકામના છે કે નવવર્ષ ૨૦૨૧ તમારા બધાં માટે સુખપૂર્ણ, સુરક્ષિત અને સંતોષપ્રદ રહે!

આદર સહિત,

સિંધુ પોર્ટર

© ૨૦૨૧ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.